આજે કર્ણાટકનાં મુખ્યમંત્રી તરીકે સેત્તારની તાજપોશી

બેંગ્લોર,તા૧૦

કર્ણાટકનાં મુખ્યમંત્રી તરીકે આવતીકાલે જગદીશ સેત્તારની તાજપોશી કરવામાં આવશે. વિદાય લેતાં મુખ્યમંત્રી સદાનંદ ગૌડા દ્વારા અસંતોષ અને ગૂંચવણભરી સ્થિતિ ઉભી કરવામાં આવ્યા બાદ અંતે જગદીશ સેત્તારની કર્ણાટકમાં ભાજપ વિધાનસભા પક્ષનાં નેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી. કર્ણાટકમાં છેલ્લાં ઘણાં દિવસથી ચાલી રહેલી કટોકટીનો હવે અંત આવી ગયો છે. બે નાયબ મુખ્યમંત્રી પદનાં હોદ્દા પણ રચવામાં આવ્યા છે. ભાજપનાં નિરીક્ષક અરૂણ જેટલી અને રાજનાથસિંહની ઉપસ્થિતિમાં તમામ વિવાદોને ઉકેલી લેવામાં આવ્યાં છે. જોકે થોડા સમય માટે આ બંને નેતાઓ માટે જટિલ સ્થિત સર્જાઈ હતી કારણ કે ગૌડાનાં સમર્થકોએ તેમની માંગણી પરિપૂર્ણ કરવા પક્ષને ભારપૂર્વક કહ્યું હતું.

ત્યારબાદ એક સમાધાનકારી ફોર્મ્યુલા તૈયાર કરવામાં આવી હતી જેનાં ભાગરૂપે પક્ષે બે નાયબ મુખ્યમંત્રી પદનાં હોદ્દાની રચના કરવામાં આવી હતી. આ બંને હોદ્દાઓ હરીફ કેમ્પને આપવામાં આવશે. રાજય ભાજપનાં પ્રમુખ કે.એસ.ઈશ્વરપ્પા અને ગૃહપ્રધાન આર. અશોકાને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવે તેવી શક્યતા છે. આ બંને આવતીકાલે સેત્તારની સાથે શપથ લે તેવી શક્યતા છે. મળેલી માહિતી મુજબ ભાજપ હાઈકમાન્ડ દ્વારા રાજીનામું આપી દેવા આદેશ કરાયા બાદ ગૌડાએ મોડેથી તેમનું રાજીનામું રાજયપાલ ભારદ્વાજને સોંપી દીધું હતું. સેત્તાર પણ આ સંબંધમાં રાજયપાલને મળ્યાં હતાં. જોકે આ મિટિંગ ચાર કલાક મોડેથી થઈ હતી કારણ કે ૫૫ ધારાસભ્યોને આવરી લેતાં ગૌડા કેમ્પે ભાજપ હાઈકમાન્ડને એવી ધમકી આપી હતી કે, તેમનાં ગ્રુપ સાથે સંકળાયેલા ધારાસભ્યો અને સાંસદો વિધાન પરિષદ બેઠકનો બહિષ્કાર કરશે. રાજય એકમનાં પ્રમુખ તરીકે ગૌડાને તક આપવામાં આવશે નહીં તો બહિષ્કાર કરવામાં આવશે. આ લોકોએ એવી માંગણી પણ કરી હતી કે, તેમનાં ગ્રુપને નવી સરકારમાં ઘણાં ખાતા મળવા જોઈએ. સેત્તાર હવે છેલ્લાં વર્ષનાં ગાળામાં ત્રીજા મુખ્યમંત્રી બનશે. યેદ્દિયુરપ્પા મે ૨૦૦૮માં મુખ્યમંત્રી બન્યા હતાં. એ સમયે દક્ષિણ ભારતમાં ભાજપની પ્રથમ સરકાર બની હતી. ગેરકાયદે માઈનિંગના સંબંધમાં લોકાયુક્ત દ્વારા તેમને અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ તેમને રાજીનામું આપી દેવાની ફરજ પડી હતી. ત્યારબાદ ગૌડા મુખ્યમંત્રી બન્યા હતાં. હવે ગૌડાની જગ્યાએ સેત્તાર મુખ્યમંત્રી બની રહ્યા છે.

ચીન ભારત પર હુમલો કરી શકે છે : રોની ચેતવણી

નવીદિલ્હી,તા૧૦

વર્ષ ૧૯૬૨નાં યુદ્ધ બાદ ભારત અને ચીન વચ્ચેનાં સંબંધ હંમેશા તંગદિલીપૂર્ણ રહ્યા છે. હિંદી-ચીની ભાઈ ભાઈનાં નારાઓ લગાવીને ચીને ભારતની ૯૦હજાર વર્ગમીટર વિસ્તાર જમીન કબજે કરી લીધી હતી. પાકિસ્તાન દ્વારા અધિકૃત ક્ષેત્રમાં અકસાઈ પણ ચીનનાં કબજામાં છે. ચીન ઘણાં સમયથી અરૂણાચલ પ્રદેશ પર પોતાનાં હકનો દાવો કરતું રહ્યું છે. તાજેતરમાં ભારતીય ગુપ્તચર સંસ્થા રો એ કહ્યું છે કે, ભારત અને ચીન વચ્ચે ફરી એકવાર તંગદિલીપૂર્ણ સ્થિતિની શક્યતા છે. બંને દેશો વચ્ચે જંગની સ્થિતિ ઉભી થઈ શકે છે. ગુપ્તચર સંસ્થાએ વડાપ્રધાન કચેરી અને સેનાને એક ગુપ્ત અહેવાલ મોકલ્યો છે, જેનાં જણાવ્યા મુજબ ચીન ભારતને સંઘર્ષ કરવા માટે ઉશ્કેરણી કરી શકે છે. અહેવાલ મુજબ ચીની સરકાર પોતાની સ્થાનિક તકલીફથી બીજી તરફ વાળવાનાં હેતુસર સરહદ પર તંગદિલીપૂર્ણ સ્થિતિ ઉભી કરવાનાં ગંભીર પ્રયાસ કરી શકે છે. એક ભારતીય ટીવી ચેનલનાં અહેવાલને ટાંકીને જણાવાયું છે કે, ભારતીય ગુપ્તચર સંસ્થા રો એ ગયા સપ્તાહમાં એક ગુપ્ત નોંધ તૈયાર કરી હતી જેનાં મારફતે સરકારને કેટલીક ગુપ્ત સૂચનાઓ આપવામાં આવી હતી. આ નોંધમાં એવી ટિપ્પણી કરવામાં આવી હતી કે, ચીન વાસ્તવિક અંકુશરેખા પર ઘુસણખોરી કરવા અથવા તો નજીવા મર્યાદિત જંગનો પ્રયાસ કરી શકે છે. ગુપ્તચર એજન્સીની ચેતવણી એવા સમયે આવી છે જ્યારે ભારત અને ચીન વચ્ચેનાં સંબંધોમાં તંગદિલી દેખાઈ રહી છે. ચીનમાં હાલ સરકાર સ્થાનિક મોરચા પર મુશ્કેલીમાં મૂકાયેલી છે. ચીનમાં સામાન્ય લોકોમાં મૂળભૂત અધિકારોને લઈ નારાજગી દેખાઈ રહી છે. ચીને વિદેશી મીડિયા પર પ્રતિબંધ મૂકી દીધાં છે. સમગ્ર દેશ મજબૂત સેન્સરશિપમાં છે. દેશમાં નારાજગી વધી રહી છે જેથી લોકોનું ધ્યાન અન્યત્ર વાળવા ચીન ભારત સાથે સંઘર્ષમાં ઉતરી શકે છે.

રાહુલ ગાંધીની પાસે સ્પષ્ટ વિચારધારા નથી : ભાજપ

નવીદિલ્હી,તા૧૦

રાહુલ ગાંધી અંગે કેન્દ્રીય કાયદાપ્રધાન સલમાન ખુર્શીદ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી બાદ ભાજપે આજે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસનાં જનરલ સેક્રેટરી પાસે કોઈપણ સ્પષ્ટ વિચારધારા નથી. ભાજપનાં વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, કોંગ્રેસ અંગે ખુર્શીદની ટિપ્પણી તેમનાં અભિપ્રાયને સમર્થન આપે છે. ખુર્શીદે ગઈકાલે જ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી દિશાહીન બની ગઈ છે. પ્રસાદે કહ્યું હતું કે, આશ્ચર્યજનક બાબત એ છે કે યુપીએનાં એક વરિષ્ઠ પ્રધાન આ મુજબની વાત કરી રહ્યાં છે જે છેલ્લાં નવ વર્ષથી કોંગ્રેસ સાથે સંકળાયેલા છે. જો ખુર્શીદ એમ કહી રહ્યા છે કે કોંગ્રેસ પાર્ટી દિશાહીન થઈ ગઈ છે તો દેશ સામ વધુ હળવાશની સ્થિતિ ઉભી કરવાની જરૂર છે. પ્રસાદે કહ્યું હતું કે, રાહુલ ગાંધી અંગે ખુર્શીદની ટિપ્પણી વધુ હાસ્યાસ્પદ છે. તેમણે ઉમેર્યું હતું કે, રાહુલે હંમેશા તેમની વિચારધારામાં ગૂંચવણ દર્શાવી છે. આનો મતલબ એ છે કે, રાહુલ ગાંધીને ભાવિ નેતા તરીકે પ્રોજેક્ટ કરવામાં પણ દુવિધા છે. તેમણે ઉમેર્યું હતું કે, ખુર્શીદની ટિપ્પણી કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીની કામગીરી ઉપર પણ પ્રશ્નો ઉઠાવે છે. આ પ્રકારની ટિપ્પણી દેશ માટે યોગ્ય નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, સલમાન ખુર્શીદે ગઈકાલે કહ્યું હતું કે, રાહુલ ગાંધી પાસેથી કોંગ્રેસને કોઈ વિચારધારા કે દિશા મળી રહી નથી જેથી કોંગ્રેસ દિશાહીન બનેલી છે.

બેસ્ટ બેકરી કેસ : સાક્ષીઓને ૩ લાખનું વળતરનો આદેશ

મુંબઈ,તા૧૦

ગોધરાકાંડ બાદ બેસ્ટ બેકરી હત્યાકાંડ કેસમાં ચાર ચાવીરૂપ સાક્ષીઓને ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલાં રૂપિયા ૨૦૦૦નાં વળતરને અપૂરતા ગણાવીને મુંબઈ હાઈકોર્ટે આજે આને વધારીને ૩ લાખ રૂપિયા કરી દીધાં હતાં.

હાઈકોર્ટે ગઈકાલે બેકરીનાં ચાર કર્મચારીઆની જુબાનીનાં મામલામાં ગંભીર નોંધ લીધી હતી. આ કર્મીઓની જુબાની ખૂબ જ મહત્વપૂર્ણ રહી હતી. રમખાણો દરમિયાન આ લોકોને ગંભીર ઈજાઓ થઈ હતી. કેસમાં ચાર આરોપીઓને આજીવન કારાવાસની સજા યોગ્ય રાખતી વેળા તેમની જુબાનીની નોંધ લેવામાં આવી હતી. ચુકાદામાં પાંચ અન્યોને પુરાવાં અભાવે નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા હતાં. જસ્ટીસ વી.એમ.કનાડે અને પી.ડી.કોડેની બનેલી ડિવિઝન બેંચે આદેશ આપ્યો હતો કે, સાક્ષીઓને આપવામાં આવેલી વળતરની રકમ ખૂબ જ ઓછી છે જેથી અમે આ ચારેય સાક્ષીઓ પૈકી દરેકને ત્રણ-ત્રણ લાખ રૂપિયા વળતર આપવામાં આવે તેવો ગુજરાત સરકારને આદેશ કરી રહ્યા છીએ. બેંચે ઠેરવ્યું હતું કે, આ કેસમાં ઘણાં બધા સાક્ષીઓ બદલાઈ ગયા હતાં. કોર્ટે ઠેરવ્યું હતું કે, રાજય સરકાર સાક્ષીઓને રક્ષણ આપવા માટે એક યોગ્ય વ્યવસ્થા ઉભી કરે તેવો સમય આવી ગયો છે. ચાર ઈજાગ્રસ્ત સાક્ષીઓનાં નિવેદનનાં આધાર પર કોર્ટે તેમને અપરાધી ઠેરવ્યા હતાં અને તેમને આજીવન કારાવાસની સજા ફટકારી હતી, જે ચાર આરોપીને આજીવન કારાવાસની સજા ફટકારાઈ છે તેમાં સંજય ઠક્કર, બહાદુરસિંહ ચૌહાણ, સનાભાઈ બારીયા, દિનેશ રાજભારનો સમાવેશ થાય છે. ચાર સાક્ષીઓ તુફીલ અહેમદ સિદ્દીકિ, રહીસખાન, શહજાદખાન પઠાણ અને સૌલુનખાન પઠાણનાં નિવેદનનાં આધાર ઉપર કોર્ટે ચાર લોકોને અપરાધી ઠેરવ્યા હતાં.

લોકસભાની ચૂંટણી નિર્ધારિત સમય કરતાં પહેલાં યોજાશે : મુલાયમસિંહ

લખનૌ,તા૧૦

સમાજવાદી પાર્ટીનાં પ્રમુખ મુલાયમસિંહ યાદવે આગામી લોકસભાની ચૂંટણી માટે કમર કસી લેવા પક્ષનાં કાર્યકરોને આજે અપીલ કરી હતી. મુલાયમસિંહે ૫૮ સંસદીય મતવિસ્તારમાંથી ૫૮ નિરીક્ષકોની નિમણૂંક કરીને તેમને જુદી જુદી જવાબદારી સોંપવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણી નિર્ધારિત સમય કરતાં પહેલાં યોજાઈ શકે છે. લોકસભાની ચૂંટણીની તૈયારીઓને લઈને પક્ષની મુખ્ય કચેરીમાં આયોજિત પક્ષનાં વરિષ્ઠ નેતાઓ સાથેની બેઠકમાં મુલાયમે કહ્યું હતું કે, વર્તમાન રાજકીય સ્થિતિને જોતાં લાગે છે કે સામાન્ય ચૂંટણી નિર્ધારિત સમય વર્ષ ૨૦૧૪થી પહેલાં યોજાય તેનાથી ઈન્કાર કરી શકાય નહીં. બેઠકમાં સામેલ રહેલાં એક વરિષ્ઠ સપાનાં નેતાએ કહ્યું છે કે, મુલાયમસિંહે ઓછામાં ઓછી ૫૦ સીટ જીતવાની યોજના તૈયાર કરવાની અમને સૂચના આપી છે. મુલાયમે એમપણ કહ્યું હતું કે, બીજીવખત સત્તામાં કોંગ્રેસ આવે એવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. મુલાયમનાં નેતૃત્વમાં મળેલી બેઠકમાં એવા ૫૮ સંસદીય ક્ષેત્રમાં નિરીક્ષકોની નિમણૂંક કરવામાં આવી હતી. બેઠકમાં સામેલ રહેલાં નેતાઓએ તમામ પાસા ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. પક્ષનાં કાર્યકર્તાઓને વ્યૂહરચના અંગે પણ માહિતી આપવામાં આવી હતી. સ્થાનિક મુદ્દાઓ સાથે સાથે આગામી ૩૦ જુલાઈ સુધી પક્ષનાં ટોચનાં નેતૃત્વને પોતાનો વિસ્તૃત અહેવાલ

આપી દેવા સૂચના આપવામાં આવી હતી. બીજીબાજુ મુલાયમસિંહે અન્ય ઘણાં મુદ્દા પર વાત કરી હતી. આ મિટિંગ બે કલાક સુધી ચાલી હતી. નવા નિમાયેલા નિરીક્ષકોને મત વિસ્તારમાં જઈને લોકો સાથે વાતચીત કરવા સૂચના આપવામાં આવી છે. પક્ષમાં રહેલાં સૂત્રોનું કહેવું છે કે, આગામી લોકસભા ચૂંટણી ઉપર મુલાયમે મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરી દીધું છે.

૧૭ લાખથી વધારે વકીલો બે દિવસની હડતાળ પર ઉતરશે

નવી દિલ્હી, તા. ૧૦

માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા તૈયાર કરવામા આવેલા ઉચ્ચ શિક્ષણ અને રિસર્ચ બીલ સામેના વિરોધમાં દેશભરમાં આવતીકાલે બુધવાર અને ગુરૂવારના દિવસે દેશભરના ૧૭ લાખથી વધુ વકીલો હડતાળ પર ઉતરનાર છે.હડતાળના કારણે દેશભરમાં જ્યુડીશિયલ કામગીરી ખોરવાઈ જાય તેવી સંભાવના છે. વકીલોએ આક્ષેપ કર્યો છે કે આના કારણે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા (બીસીઆઈ) પાસેથી મહત્વપૂર્ણ ગણાતી શૈક્ષણિક રેગ્યુલેટ્રી સત્તા જતી રહેશે. આ બીલ સામે વાંધો ઉઠાવીને રજૂઆત કરવામાં આવ્યા બાદ બીસીઆઈએ ગઈકાલે કહ્યું હતું કે અલ્ટીમેટમ આપવા સિવાય અને હડતાળ પર જવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. વકીલો બે દિવસ સુધી કામનો ભહિષ્કાર કરશે. બીસીઆઈના ચેરમેન મનન કુમાર મિશ્રાએ કહ્યું છે કે જો સરકાર બીલની સમીક્ષામાંથી લિગલ એજ્યુકેશન એન્ડ એડવોકેટ્સ એક્ટને દૂર કરશે નહીં તો વિરોધ કરવામાં આવશે. ૧૧મી અને ૧૨મી જુલાઈના દિવસે વિરોધ કરવાનો તખ્તો તૈયાર થઈ ગયો છે. સ્ટેટ બારકાઉન્સીલ અને તમામ બાર એસોસીએશનના હોદ્દેદારોની સંયુક્ત મિટિંગ પણ યોજાશે અને દેશભરના વકીલો જંતરમંતર ખાતે એકત્રિત થશે. મોનસૂન સેશનના પ્રથમ દિવસે સંસદનો ભહિષ્કાર કરવામાં આવશે. તેમણે ઉમેર્યુ હતું કે બીસીઆઈના પ્રતિનિધિ મંડળે હાલમાં માનવ સંશોધન વિકાસ પ્રધાન કપિલ સિબ્બલ સાથે ઘણી બેઠકો યોજી હતી અને એચઈઆર બીલમાં રહેલી જોગવાઈ સામે વાંધો ઉઠાવ્યો હતો. હાયર એજ્યુકેશન એન્ડ રિસર્ચ બીલ (એચઈઆર)માં જોગવાઈ સામે ઘણા સમયથી વાંધો ઉઠાવવામાં આવી રહ્યો છે. આગામી દિવસોમાં પણ આની સામે વિરોધ જારી રહે તેવી શક્યતા છે.

આસામમાં પુરની પરિસ્થિતી ગંભીર : મૃતાંક વધીને ૧૨૫

ગુવાહાટી, તા. ૧૦

આસામમાં પુરની પરિસ્થિતી ગંભીર બનેલી છે. બ્રહ્મપુત્ર અને બારક ખીણમાં અનેક વિસ્તારો પાણીમાં ડુબી ગયા છે. બીજીબાજુ મોતનો આંકડો વધીને ૧૨૫ ઉપર પહોંચ્યો છે. તાજેતરના વર્ષોમાં સૌથી વિનાશકારી પુર તરીકે આને જોવામાં આવે છે. આસરે ૨૪ લાખ લોકોને પુરના કારણે અસર થઈ છે. ૯.૩૫ લાખ હેક્ટર જમીન સંપુર્ણ પણે પાણીમાં ડુબી ગઈ છે. ૪૫૪૦ ગામોમાં વ્યાપક નુકશાન થયું છે. તમામ ૨૭ અસરગ્રસ્ત જિલ્લાઓમાં મોટી નદીઓમાં પાણીની સપાટી હજુ પણ ભયજનક સપાટીથી ઉપર છે. જો કે કેટલાક જિલ્લાઓમાં પાણીની સપાટી ચોક્કસ પણે ઘટી છે. યુનેસ્કો વર્લ્ડ હેરીટેઝ કાજિરંગા નેશનલ પાર્કમાં પ્રાણિઓનો મોતનો આંકડો ૫૯૫ ઉપર પહોંચી ગયો છે. પુરના વર્તમાન મોજાના કારણે કાજિરંગા નેશનલ પાર્કમાં પાણી ભરાઈ ગયા છે. પુરના કારણે ૧૫ સાંભર, કેટલાક સાપ, ૧૭ ગેંડા, અન્ય કિંમતી હરણના મોત થયા છે. કૃષી સેક્ટરને પુરના કારણે સૌથી વધુ અસર થઈ છે. ૨.૫૫ લાખ હેક્ટર પાક જમીન

સંપુર્ણ પણે પાણી હેઠળ આવી ગઈ છે. માર્ગ સેવા ૨૮૪૭ સ્થળોએ ખોરવાઈ ગઈ છે. રેલ્વે ટ્રેકનો પણ ભેખડો ધસી પડવાના કારણે નુકશાન થયું છે. બદલપુર રેલ્વે ડિવિઝનમાં ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. આશરે પાંચ લાખ લોકો રાહત છાંવણીમાં છે. ૧૫૦ મેડિકલ ટીમો તમામ પ્રકારની તબીબી સુવિધા આપવા માટે ગોઠવાઈ ગઈ છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. વહિવટી તંત્રને રોગચાળો ફાટી નિકળવાની દહેશત પણ દેખાઈ રહી છે. જેથી સાવચેતીના તમામ પગલા પણ લેવાઈ રહ્યા છે.

અમરનાથ દર્શન માટે લોકોની નવી ટુકડી જમ્મુથી રવાના

જમ્મુ, તા. ૧૦

સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે દક્ષિણ કાશ્મીર હિમાલયમાં સ્થિત અમરનાથ ગુફામાં પવિત્ર શિવલિંગના દર્શન કરવા માટે આજે સવારે ૪૮૫૫ શ્રદ્ધાળુઓની નવી ટુકડી રવાના થઈ હતી. શ્રદ્ધાળુઓના નવા કાફલામાં ૨૬૪૧ પુરુષો, ૧૭૭૫ મહિલાઓ, ૧૪૧ બાળકો અને ૨૯૮ સાધુ સંતોનો સમાવેશ થાય છે. આ તમામ શ્રદ્ધાળુઓ ૧૩૦ વાહનોમાં આજે સવારે રવાના થયા હતા. અધિકારીઓએ માહિતી આપતા કહ્યું હતું કે સવારે પાંચ વાગે જમ્મુમાં ભગવતીનગર બેઝ કેમ્પથી શ્રદ્ધાળુઓનો કાફલો રવાના થયો હતો.

આજની બેચ સાથે જમ્મુથી રવાના થયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા વધીને ૫૬૮૫૭ થઈ ગઈ છે. આ શ્રદ્ધાળુઓ અમરનાથ ગુફામાં દર્શન કરવાની દિશામાં વધી રહ્યા છે. આ વખતે હજુ સુધી અમરનાથ યાત્રા શાંતિપૂર્ણ રીતે આગળ વધી રહી છે. કોઈપણ અનિચ્છનીય બનાવ બન્યો નથી. જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી હિંસા બંધ થઈ ચૂકી છે જેથી શ્રદ્ધાળુઓને પણ રાહત થઈ છે. ઉપરાંત શ્રદ્ધાળુઓને સાવચેતીના પગલાં રૂપે પહેલાંથી જ તમામ સુવિધાઓ અને સુરક્ષાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. અમરનાથ યાત્રા રક્ષાબંધનના દિવસે પરિપૂર્ણ થશે. દરમિયાન અમરનાથમાં શ્રદ્ધાળુઓના મોતનો આંકડો વધીને ૫૧ ઉપર પહોંચી ગયો છે.

કાશ્મીરમાં જવાનોની સંખ્યા ઘટાડાશે નહીં

નવી દિલ્હી, તા. ૧૦

જમ્મુ કાશ્મીરમાં સુરક્ષાની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. સેનાએ કહ્યું છે કે રાજ્યમાં તેનાત જવાનોની સંખ્યામાં ઘટાડો કરવાની કોઈપણ યોજના નથી. જવાનોની સંખ્યામાં ઘટાડો કરવાથી સુરક્ષાની સ્થિતિમાં અસર થઈ શકે છે.

છેલ્લા બે દશકથી આતંકવાદી વિરોધી ઓપરેશનમાં વ્યસ્ત થયેલા સુરક્ષા જવાનો માટે નવી સમસ્યા ઊભી થઈ શકે છે. સેનાના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે જમ્મુ કાશ્મીરમાં સુરક્ષાની સ્થિતિમાં નોધપાત્ર સુધારો થયો છે છતાં જમ્મુ કાશ્મીરમાં ફરજ બજાવતા જવાનોની સંખ્યામાં ઘટાડો કરવામાં આવશે નહીં. આવી કોઈ યોજના નથી. આતંકવાદીઓ ઉપર દબાણ યથાવત્ રાખવામાં આવશે. સૈનાના અધિકારીઓનું કહેવું છે કે હાલમાં જવાનોને ખસેડવાથી આતંકવાદીઓને ફરીવાર હુમલા કરવાની અને ઘૂસણખોરી કરવાની તક મળી શકે છે જે ખતરનાક સાબિત થઈ શકે છે. છેલ્લા વર્ષમાં રાજ્યમાં કોઈપણ પ્રકારની હિંસા થઈ નથી. આતંકવાદ સંબંધિત બનાવો પણ નહીંવત બન્યા છે.

કોંગ્રેસ દિશાહીન છે તેમ કહ્યું જ નથી : ખુરશીદનો ખુલાસો

નવી દિલ્હી, તા. ૧૦

કોંગ્રેસ દિશાહીન છે તેવી ટિપ્પણી કરી નથી તેવો ખુલાસો આજે કેન્દ્રીય કાયદા પ્રધાન સલમાન ખુરશીદે કર્યો હતો. કોંગ્રેસ પાર્ટી દ્વારા ખુલાસો કરવા કહેવામાં આવતા ખુરશીદે કહ્યું હતું કે તેમના નિવેદનને ખોટી રીતે રજૂ કરાયા છે. રાહુલ ગાંધી મામલે તેમના સૂચનો બાદ કોંગ્રેસે આટલી પ્રતિક્રિયા આપી હતી. કેન્દ્રીય કાયદા પ્રધાન સલમાન ખુરશીદે કોંગ્રેસની સમસ્યાઓના મામલે અગાઉ સ્પષ્ટપણે પ્રતિક્રિયા આપી હતી. સલમાન ખુરશીદે કહ્યું હતું કે કોંગ્રેસમાં ખેંચતાણનું મુખ્ય કારણ એ છે કે પક્ષને યુવા પેઢીના નેતા રાહુલ ગાંધી તરફથી દિશા મળી રહી નથી. કોંગ્રેસ દિશાહિન છે. રાહુલ ગાંધીનો ઈન્તજાર કરવામાં આવી રહ્યો છે. સલમાન ખુરશીદે કહ્યું હતું કે હજુસુધી અમે તેમની માત્ર વિચારધારા અને યોજનાઓની ઝલક નિહાળી છે. રાહુલ ગાંધીએ આ તમામ બાબતોને મોટાસ્તર સુધી પહોંચાડી નથી. ધાંધલ ધમાલ અને જુદી જુદી સમસ્યાઓથી ગ્રસ્ત કોંગ્રેસ અંગે વાત કરતા સલમાન ખુરશીદે એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં કહ્યું હતું કે વર્તમાન પડકારોને પહોંચી વળવા માટે અમને નવી વિચારધારાની જરૂર છે. વર્ષ ૧૯૯૦માં સુધારાઓ મારફતે નવી વિચારધારાની શરૂઆત થઈ હતી. પરંતુ હવે આગળ વધવા માટે આગામી પેઢીના નેતા રાહુલ ગાંધીની વિચારધારાની જરૂર છે. આગામી ચૂંટણીમાં અમે આને લઈને આગળ વધવા માંગીએ છીએ કે કેમ તે બાબત હોવી જોઈએ. ઉત્તરપ્રદેશના વરિષ્ઠ નેતા સલમાન ખુરશીદે કહ્યું હતું કે રાહુલ ગાંધી હજુ સુધી જવાબદારી સંભાળવા માટે માંસિક રીતે તૈયાર નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે કોંગ્રેસ પાસે બીજો કોઈ વિકલ્પ નથી.

પિંકીને કુલ ૨૫ દિવસની કસ્ટડી બાદ જામીન મળ્યાં

કોલકાતા,તા૧૦

એશિયન રમતોત્સવમાં સુવર્ણચંદ્રક વિજેતા બનેલી પિંકીને ઉત્તરચોવીસ

પરગના જિલ્લાની એક અદાલતે ૨૫ દિવસ સુધી ન્યાયિક કસ્ટડીમાં રાખ્યા બાદ આજે આખરે જામીન આપી દીધાં હતાં. પિંકીની ધરપકડ એવા વખતે કરવામાં આવી હતી જ્યારે એક મહિલાએ એવો આક્ષેપ કર્યો હતો કે, તે એક પુરુષ છે અને તે બળાત્કારનો શિકાર થઈ ચૂકી છે. પિંકીને બરાસાતની કોર્ટે જામીન આપ્યા હતાં. આ અગાઉ ગઈકાલે એસએસકેએલ હોસ્પિટલમાં પિંકીના ક્રોમોસોમ પેટર્ન ટેસ્ટ લેવામાં આવ્યા હતાં જેનાં આધારે તેની જાતિ નક્કી કરવામાં આવશે. એથ્લિટની ૧૪ જૂનનાં દિવસે ધરપકડ કરાઈ હતી. એ વખતે તેની સાથે રહેલી ૩૦ વર્ષીય એક મહિલાએ ગંભીર પ્રકારનાં આક્ષેપો કર્યા હતાં. કલકત્તા હાઈકોર્ટમાં ૬ જુલાઈનાં દિવસે એક અરજી દાખલ કરાઈ હતી જેમાં એથ્લિટ પર આક્ષેપો કરાયા હતાં.

Hello ફ્રેન્ડ્સ! (પાના નં. ૪ નું ચાલુ)

પરિણામ તો મેં પેલાં અકસ્માતમાં જોયું જ અને અનુભવ્યું. આમ જોવા જઈએ તો પ્રોડક્ટ જાહેરાત કે કોઈ નેતાનાં જન્મદિવસની શુભેચ્છા પૂરતું તો બહું વાંધો નથી આવતો પણ જયારે કોઈ શહેરમાં યોજાનારી ઈવેન્ટ હોય અને એનું લખાણ વાંચવું મહત્ત્વનું હોય ત્યારે જો વાહન થોભાવીને વંચાય તો તો બહુ વાંધો ના આવે પણ જો ચાલુ વાહને વાંચવાનો પ્રયત્ન કરે તો કદાચ અકસ્માતનો ભોગ બનવું પડે!!

ગુજરાત બહારનાં રાજયોમાં હોર્ડિંગ્સ, બેનર, દિવાલ જાહેરાત, ચોપાનીયાની ભરમાર વધુ છે. આપણે અહીંયા ચૂંટણી વખતે થોડો માહોલ ગરમ દેખાય, જાહેરાતોના પાટીયાં ચઢે બાકી પછી માર્ગે અને સર્કલો એમની મૂળ સ્વચ્છતામાં આવી જાય. આમ તો સરકારે જાહેરાતોના હોર્ડિંગ્સ મુકવાની જગ્યાઓ સુનિશ્ચિત કરેલી જ છે પરંતુ છતાંય અમુક જગ્યાએ સરકાર અને કાયદાની ઐસીતૈસી કરીને જાહેરાતોનાં હોર્ડિંગ્સ ચઢાવી દેવાય છે... કાર્યક્રમ પત્યા બાદ પણ જે તે આયોજકો વાવાઝોડું, વરસાદથી આ હોર્ડિંગ્સ ઉખડીને પડી જાય એની રાહ જોતાં હોય છે!!

ગાંધીનગરમાં સરકારી જાહેરાતોમાં હોર્ડિંગ્સ વધુ દેખાય છે અને એમાં એકાદ નેતા તો કાયમી જગ્યા ધરાવે છે, બાકીનાઓની અવરજવર ચાલુ રહે છે... ખેલ મહાકુંભ, કૃષિમેળો, એમપાવર કે પછી કોઈ પણ ઈવેન્ટ હોય મસ્ત મજાનાં સજાવેલાં હોર્ડિંગ્સ તૈયાર થઈને લાગી જાય, પણ એકવાર અમૂક લોકો સમજતાં નથી કે અત્યંત જાહેરાતનો મારો નેગેટીવીટી તરફ લઈ જાય છે. લગ્નનાં આલ્બમમાં જેમ વર-કન્યા કૉમન હોય એમ જે લોકો કૉમન રીતે હોર્ડિંગ્સમાં હોય એમને જોવામાં કોઈનેય રસ પડતો નથી!!

અમદાવાદનાં પાલડી ચાર રસ્તા પાસે અમૂલ પ્રૉડક્ટસની વર્ષોની જાહેરાત મુકાય છે. જયારથી ટી.વી. - ઈન્ટરનેટનો જમાનો નહોતો તે આજદિન સુધી, જેણે પણ આ જાહેરાત જોઈ હશે એને આ જોવાનું અવશ્ય વ્યસન હશે. કરંટ અફૅર્સમાં બનતી ઘટનાને કાર્ટૂન દ્વારા ચાબખા મારી અમૂલની પ્રૉડક્ટ સાથે સાંકળી મુકાતી આ જાહેરાત ક્રિએટીવીટીની શ્રેષ્ઠ મિસાલ છે. દર અઠવાડિયે બદલાતી રહેતી આ જાહેરાત ખરેખર ના જોઈ હોય તો એકાદ વખત પાલડી ચાર રસ્તા જવા જેવું છે નહી તો ગુગલ મહારાજને કહેશો તો અમૂલની જાહેરાત બતાડી દેશે... આવી જાહેરાતોને જો હોર્ડિંગ્સ મુકાય તો તો જલસાં પડી જાય!!

જાહેરાતોનાં હોર્ડિંગ્સમાં અમૂક ક્રિએટીવીટી તો ક્યારેક આપણને માથું ખંજવાળતાં કરી દે એવી હોય છે. રોડ અને સેફ્ટીનાં કેટલાંય સ્લૉગનો અત્યંત ચોટદાર હોય છે. હમણાં જ ધ્યાને આવેલું એક હોર્ડિંગ્સ તો હેલ્મેટની સાથે મસ્તીથી સુરક્ષાનું શ્રેષ્ઠ ઉદાહરણ સમાન છે. એ હોર્ડિંગ્સમાં ગણપતિદાદા હાથમાં હેલ્મેટ લઈને ઊભાં છે અને કહે છે કે, ''તમે તમારાં માથાની સુરક્ષા રાખો, કારણ કે દરેકને કંઈ મારી જેમ માથું બદલાઈને નહીં મળે.'' આવી જ એક અન્ય જાહેરાતમાં એક તરફ શ્રીફળ અને એક તરફ હેલ્મેટ રાખી એના પર જોરથી હથોડો મારવામાં આવે છે, પરિણામ સ્પષ્ટ છે, આપણું માથું શ્રીફળ જેવું કડક હોવા છતાં હેલ્મેટ વગર પછડાતાં વધેરાઈ જશે, એટલે હેલ્મેટ પહેરવી જોઈએ... એવાં સંદેશાથી હોર્ડિંગ્સ શોભતાં હોય છે!!

ગાંધીનગર આમ તો સજ્જનોનું નગર છે, પણ હમણાં હમણાં અમુક પ્રસિધ્ધિ ભૂખ્યા લોકો એમનાં જન્મદિવસ કે દિવાળી - ઈદનાં શુભેચ્છાનાં હોર્ડિંગ્સથી આત્મસંતોષ માની રહ્યાં છો!! આટલાં જ રૂપિયા જો ગરીબોની પાછલ ખર્ચે તો ખરાં અર્થમાં એમની દિવાળી - ઈદ ઉજવાય અને દૂવા કે પૂણ્